Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# ભારતીય લોકશાહી અને મિશ્રસરકારો

ડૉ. મિનેષ પટેલ
વ્યાખ્યાતા- રાજ્યશાસ્ત્ર વિભાગ
એન-એ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર
**Mo: 9427062766, Email: manbhanu@gmail.com**

આધુનિક લોકશાહીનાં મૂળ ગ્રીસમાં પડેલા છે. ગ્રીસના એથેન્સમાં પ્રત્યક્ષ લોકશાહીના તત્વો હતા જ. તેથી જ લોકશાહી માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ ડેમોક્રેસી (Democracy) ગ્રીકભાષાના Demos એટલે કે લોકો અને KRATOS એટલે શાસન એટલે કે લોકશાહી એટલે પ્રજાની સત્તા એમ કહી શકાય.[1]

એરિસ્ટોટલ જણાવે છે કે "ઘણાલોકો જે તંત્રમાં ભાગ લે તે લોકશાહી"

સીલી જણાવે છે કે "લોકશાહી એવી સરકાર છે કે જેમાં દરેકનો ફાળો હોયછે. જેમાં દરેક ભાગ લે છે."

"લોકશાહી એટલે લોકોની સરકાર, લોકો દ્વારા ચાલતી સરકાર, અને લોકો માટેની સરકાર"

- અબ્રાહમ લિંકન

લોકશાહીની સાથે જ સંસદીય પદ્ધતિના વિકાસના સંદર્ભે જોઇ તો આધુનિક રાજ્યશાસ્ત્રના પિતા તરીકે ગણના પામેલ એરિસ્ટોટલ પોતાના સમયમાં 158 જેટલાં બંધારણોનો અભ્યાસ કરી પોતાના પુસ્તક Politicsમાં કરેલ બંધારણના વર્ગીકરણમાં જણાવ્યું કે જો સાર્વભૌમત્વનો ઉપયોગ પ્રજાના હિત માટે થતો હોય તો તે સારી સરકાર અને જો સાર્વભૌમ સત્તાધારી પોતાના હિત માટે ઉપયોગ કરતો હોય તો તે વિકૃત સરકાર કહી શકાય.[2]

લેખિત બંધારણની શરૂઆત જો કે અમેરિકી બંધારણથી થઇ છે. એમ કહી શકાય. જ્યારે વિશ્વના મોટાભાગના બંધારણ લેખિત છે. ત્યારે બ્રિટન અલિખિત બંધારણ ધરાવે છે.

પ્રાચીન સમયના ગ્રીસમાં જ્યારે નગરરાજ્યો અસ્તિત્વમાં હતા ત્યારે નાગરિકો એકત્ર થઇને કાયદા ઘડવાનું કામ કરતા. જેથી ધારાસભા અસ્તિત્વમાં નહોતી. પરંતુ ધીમેધીમે પ્રતિનિધીક લોકશાહીને લઇ ધારાસભાઓ અસ્તિત્વમાં આવી જેને જુદા-જુદા નામથી ઓળખવામાં આવે છે. જેમ કે બ્રિટનમાં પાર્લામેન્ટ, અમેરિકામાં કોંગ્રેસ, ભારતમાં સંસદ વગેરે. પાર્લામેન્ટ શબ્દની ઉત્પત્તિ સમજાવતાં પ્રા. ગીલક્રિસ્ટ જણાવે છે કે "Parliament comes from the French word parlement, which means originally a meeting for discussion" આમ ધારાસભા એટલે ચર્ચા માટેની સભા એવો અર્થ થાય.[3]

યુરોપના રાજ્યોમાં સૈકાઓ પહેલાં સ્વતંત્ર પ્રજાની સભાઓ ભરાતી જેમાંથી પ્રતિનિધિત્વની શરૂઆત થઇ. બ્રિટનમાં પણ આ પ્રકારની સભાઓ ભરાતી. આ સભાઓને વીટેનેગેમોટ તરીકે ઓળખવામાં આવતી. જેને ડાહ્યા માણસોની પરીષદ તેવો અર્થ કરાતો જેમાં રાજ્યના અગત્યના પુરુષો ભાગ લેતા. જોકે સમય જતાં આ પરિષદ 'રાજ્યની મહાપરિષદ'માં ફેરવાઇ અને મહત્વના નિર્ણયો લેતી થઇ તેમાંથી ધારાસભાનું સ્વરૂપ ધારણ કર્યું. બીજી તરફ રાજ્યને નાણાંની જરૂરિયાત ઉભી થઇ ત્યારે ઇ.સ. 1625માં અમીરો, ઉમરાવો , પાદરીઓ વગેરે કે જે વર્ગો રાજાને મદદ કરી શકે તેમને બોલાવ્યા. શરૂમાં બધા એક જ સભામાં બેસતા પરંતુ પાછળથી ઉમરાવો પાદરીઓ એક સભામાં બેસવા લાગ્યા. જે ગૃહનું નામ House of Lord (ઉમરાવ સભા) રાખવામાં આવ્યું જ્યારે સામાન્ય નાગરિકોની સભાને આમની સભા એટલે કે (House of Common) નામ મળ્યું. આમ બ્રિટની દ્વીગૃહી ધારાસભાની રચના જાણીજોઇને નહીં પરંતુ અકસ્માતે થઇ છે. આમ છતાં અગત્યની બાબત એ છે કે આ ધારાસભાનું અનુકરણ ઘણા રાજ્યોએ કર્યું હોવાથી તેને 'ધારાસભાઓની માતા' તરીકે પણ ઓળખવામાં આવે છે.[4] આ અનુકરણ કરનારાઓમાંનું એક રાજ્ય એટલે સ્વતંત્ર થયા પછીનું ભારત.

ભારતને આઝાદી મળ્યા પહેલાંથી જ બંધારણ ઘડવા માટેની ચર્ચાઓ ચાલુ જ હતી જેમાં મોર્લેમિન્ટો સુધારા, મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ, 1935નો ધારો, કેબિનેટ મિશન વગેરેને ધ્યાનમાં લઇ ભારતની બંધારણ સભાની રચના થઇ જો કે આ બંધારણ સભા સમક્ષ

સૌથી મોટી સમસ્યા આપણે કેવા પ્રકારની લોકશાહી સ્વીકારવી પ્રમુખીય કે સંસદીય તે હતી. ત્યારે મોટાભાગના સભ્યોનું માનવુ હતું કે આપણી પાસે સંસદીય પદ્ધતિનો લાંબો અનુભવ છે. ઉપરાંત ભારત જેવા વિવિધ ધર્મો, ભાષા, પેટાસંસ્કૃતિવાળા રાજ્ય માટે સંસદીય પદ્ધતિની લોકશાહીનું સંચાલન સુચારુ બને તેથી આપણે સંસદીય લોકશાહી સ્વીકારી છે. ભારતની બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર 1946ના રોજ મળી જેણે વિશ્વના બીજા બંધારણોનો અભ્યાસ કરી તેમાંથી વિવેકપૂર્ણ રીતે તેમના ઉપયોગી તત્વો ગ્રહણ કરી ભારતની જરૂરિયાતના સંદર્ભમાં નવેમ્બર 1949માં બંધારણનું ઘડતર પૂરું કર્યું. અને 26 જાન્યુઆરી 1950ના દિવસે તેને અમલમાં લવાયું.[5]

**ભારતની ચૂંટાયેલી સરકારોઃ**

ભારતના બંધારણની 79મી કલમમાં સંસદની જોગવાઇ કરેલી છે. જે મુજબ ભારતે સંસદીય પ્રકારની લોકશાહી સ્વીકારી. જેમાં રાજ્યસભા અને લોકસભા એમ બે ગૃહોની રચના કરાઇ. લોકસભામાં લોકોના પ્રતિનિધિઓ અને રાજ્યસભામાં રાજ્યોના પ્રતિનિધિઓને સ્થાન અપાયું છે. ભારતીય લોકશાહીની પ્રથમ ચૂંટાયેલી 1952ની સરકારમાં કોંગ્રેસ પક્ષને બહુમતી મળી. અને વડાપ્રધાન પદે શ્રી જવાહરલાલ નહેરું બન્યા. તેઓના મૃત્યુ પર્યંત 1964 સુધી તેઓ વડાપ્રધાન પદે રહ્યા. શ્રી નહેરુનુ અવસાન થતાં શાસ્ત્રીજી વડાપ્રધાન બન્યા. ભારતની સંસદીય લોકશાહીમાં આ સમયકાળ સુધી One Party Dominance System (એક પક્ષ પ્રભુત્વપ્રથા) અસ્તિત્વમાં રહી. શાસ્ત્રીજીનું 1966માં અવસાન થતાં ઇન્દિરાજી વડાપ્રધાન બન્યા. જો કે 1969ના અંત અને 1970ના આરંભમાં કોંગ્રેસનું વિભાજન થયું. તે વખતે સત્તાનશીન ઇન્દિરાજીએ રાષ્ટ્રપતિને લોકસભા વિખેરી નાખવાની સલાહ આપી અને 1971ના ફેબ્રુઆરીમાં મધ્યસત્ર ચૂંટણીઓ થઇ જેમાં ફરીથી કોંગ્રેસ સત્તા પર આવી.

1971થી ફરીથી ઇન્દિરાજીની આગવી કુશળતાને લઇ એકપક્ષ પ્રભાવપ્રથાનો તબક્કો ચાલુ રહ્યો. જો કે 1975માં ઇન્દિરાજીએ લાદેલી કટોકટીને લઇ 1977ની ચૂંટણીઓમાં કોંગ્રેસપક્ષને ખાસો માર પડ્યો. અને મોરારજી દેસાઇના નેતૃત્વ નીચે ભારતના સંસદીય ઇતિહાસની પ્રથમ મોરચા સરકાર અસ્તિત્વમાં આવી. જો કે સાતમી લોકસભાની ચૂંટણીમાં ફરીથી એકવાર ઇન્દિરાજી સત્તા પર આવ્યા. પરંતુ ઓપરેશન બ્લ્યુ સ્ટારમાં શીખ ધર્મના થયેલા અપમાનને શીખો સહન ન કરી શક્યા. અને તેમની હત્યા કરવામાં આવી. જેમના અનુગામી તરીકે શ્રી રાજીવગાંધી સત્તા પર આવ્યા અને

આઠમી લોકસભાની ચૂંટણીઓમાં ઇન્દિરાજીના મૃત્યુને લઇ ઉભી થયેલ સહાનુભૂતિના મોજાથી ફરીથી એકવાર કોંગ્રેસ સરકાર સત્તા પર આવી અને રાજીવજી વડાપ્રધાન બન્યા. તેઓના શાસનકાળ દરમ્યાન પોતે મિ. ક્લીનની ઇમેજ ધરાવતા હોવા છતાં બોફોર્સ કૌભાંડે તેમનો પીછો ન છોડ્યો. જેને કારણે 1989ની ચૂંટણીમાં મોરચા સરકાર આવી. આમ રાજીવજીની સરકાર એકપક્ષીય સરકારની છેલ્લી સરકાર બની. જોકે રાજીવજીએ પોતાના કાર્યકાળ દરમ્યાન શ્રીલંકામાં તમિલ ચળવળને દબાવવા મોકલેલ ભારતીય શાંતી દળના ઘેરા પ્રત્યાઘાતો તમિલોમાં પડતાં 1991ના ચૂંટણી પ્રચાર દરમ્યાન તેમની માનવબોંબ દ્વારા હત્યા કરાઇ.

1989ની ચૂંટણીઓની મોરચા સરકારમાં શ્રી વી.પી.સિંહ માંડ અગિયાર માસ વડાપ્રધાનપદે રહ્યા. જેઓ બાદ શ્રી ચંદ્રશેખરને સત્તાનું સુકાન સોંપાયું તેઓ પણ માંડ આઠ માસ સત્તા પર રહ્યા અને મધ્યસત્ર ચૂંટણીઓ આવી. જેમાં શ્રી નરસિંહરાવના વડપણ હેઠળ મોરચા સરકાર બની. જે સમયગાળામાં ભારતીય. લોકશાહી માટે કલંકરૂપ બાબરીધ્વંસની ઘટના બની. અને અન્ય કૌભાંડો પણ બહાર આવ્યા. શ્રી નરસિંહરાવ બાદ 1996ની ચૂંટણીઓમાં બાજપાઇજી સત્તા પર આવ્યા. પરંતુ પોતાની બહુમતી સાબિત ન કરી શકતાં ભારતીય લોકશાહીના ઇતિહાસમાં સૌથી ઓછા એટલે કે તેર દિવસ સત્તા પર રહ્યા. આ સમયે નવા રચાયેલા સમિકરણોમાં શ્રી દેવગૌડાના નેતૃત્વ નીચે મોરચા સરકાર આવી. જે દસ માસ ચાલી. તેઓ બાદ શ્રી આઇ.કે. ગુજરાલના વડાપ્રધાનપદે આવેલ સરકાર 11 માસ ચાલી. પરંતુ તે બાદ આવેલી ચૂંટણીમાં એન.ડી.એ. ગઠબંધનની બાજપાઇજીની સરકાર લાંબો સમય સત્તા પર ટકી શકી તો તે પછી 2004ની ચૌદમી લોકસભાની ચૂંટણીઓમાં એન.ડી.એ.નું 'શાઇનીંગ ઇન્ડિયા'નું સૂત્ર શાઇનીંગ ન નીવડ્યું અને લોકોએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના ગઠબંધન યુ.પી.એ પર વિશ્વાસ મૂક્યો. જેણે પુરા પાંચ વર્ષ મનમોહનસિંહજીના વડપણ હેઠળ પૂરા કર્યા. તો 2009ની ચૂંટણીઓમાં પણ લોકોએ ફરીથી એજ ગઠબંધન પર વિશ્વાસ મૂક્યો.

આમ કોંગ્રેસની એકપક્ષ પ્રભાવપ્રથા તૂટતાં કેન્દ્રમાં લગભગ બે દાયકાથી વધુસમયથી બહુપક્ષપ્રથાની સ્થાપના થઇ છે. આમ છતાં છેલ્લા બે દાયકાથી યુ.પી.એ. અને એન.ડી.એ બે મોરચાની સરકાર કેન્દ્રમાં સ્થિર બની છે. 1998 થી 2004 એન.ડી.એ અને 2004 થી 2009અને ત્યારબાદ બીજી મુદત એટલે કે 2009 થી 2014 યુપીએની

સરકાર સત્તા પર રહી જ્યારે 20014 થી ભાજપાની સ્પષ્ટ બહુમતી છતાં એનડીએની સરકાર સત્તા પર આવી છે. આમ કેન્દ્ર દ્વીપક્ષીયને બદલે દ્વિમોરચામાં વહેંચાયેલું જોવા મળે છે.

મિશ્ર સરકાર

ભારતીય રાજકારણ છેલ્લા બે દાયકાથી સંક્રમણકાલીન સમયમાંથી પસાર થઇ રહ્યું છે. 1989થી ભારતીય. રાજકારણમાં કોમન મીનીમમ પ્રોગ્રામના નામે ગઠબંધનની રાજનીતિ નામનો નવો શબ્દ પ્રચલિત થયો. આનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. કેન્દ્રની લોકસભામાં અને કેટલાક રાજ્યોની વિધાનસભામાં પણ કોઇ એક રાજકીયપક્ષને સ્પષ્ટ બહુમતી મળતી નથી તેથી ચૂંટણી પહેલાં કે ચૂંટણી પછી કેટલાક પક્ષો ભેગા મળીને સંયુક્ત સરકાર બનાવે છે આવી સરકાર એ જોડાણના રાજકારણની પ્રક્રિયાનું પરિણામ છે. જોડાણ માટે વપરાતો અંગ્રેજી શબ્દ લેટિન શબ્દ કોએલીશન પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ નજીક આવીને જોડાવું એવો થાય છે.[6] આવી જોડાણવાળી સંયુક્ત સરકારમાં એકઠા થયેલા પક્ષો પોતાની નીતિઓમાં કેટલીક બાંધછોડ કરી એક સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ દ્વારા સરકારની રચના કરે છે.

જોકે સોદાબાજી તો ચાલું જ રહે છે. કોઇ એક પક્ષનું હિત ન સધાતાં તે જોડાણ છોડે છે. જ્યારે અન્ય નવો પક્ષ તે જોડાણમાં જોડાઇ જાય છે. જેમ કે 2008માં સામ્યવાદી પક્ષે યુપીએ સરકારને ટેકો પાછો ખેંચ્યો ત્યારે તેની સામે મુલાયમસિંહ યાદવનો સમાજવાદી પક્ષ યુપીએ સરકારમાં જોડાઇને સરકારને સંસદમાં વિશ્વાસનો મત મેળવી આપીને બચાવી લેવામાં સફળ રહ્યો હતો.

જોડાણ સરકાર બે પ્રકારની હોય છે. જેમ કે ચૂંટણી પહેલાં જ કેટલાક પક્ષો સમજૂતી સાધી અલગ અલગ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખે છે. તો બીજા પ્રકારમાં પરીણામો આવ્યાપછી કેવી રીતે કોનો ટેકો લઇ સત્તા પર બેસી શકાય તે આધાર પર જોડાણો કરવામાં આવે છે. જો કે ચૂંટણી પછી વાળું જોડાણ વધુ તકવાદી હોય છે. તેમાં ટેકો આપનાર પક્ષને સંતોષવામાં ન આવે તો ટેકોપાછો ખેંચવાની શક્યતા વધારે રહે છે. જ્યારે ચૂંટણી પહેલાનું જોડાણ વિચારસરણી નીતિ અને સમાન કાર્યક્રમની વિચારણા પછી કરેલું હોવાથી વધુ ટકાઉ અને આધારભૂત બને છે.

**ભારતની જોડાણ સરકારોનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થતી કેટલીક બાબતોઃ-**

1. આ ગઠબંધનોમાં કોઇ એક વિચારધારા નહીં પરંતુ માત્ર સત્તા મેળવવી અને ટકાવી રાખવી એજ મુખ્ય હેતુ હોય તેવું જણાઇ આવે છે.
2. બાહ્ય ટેકા આધારિત જોડાણ બિનકુશળ, બ્લેકમેલીંગનો શિકાર અને અસ્થિર રહે છે. જેમ કે શ્રી વી.પી. સિંઘ, દેવગૌડાજી, શ્રી આઇ.કે. ગુજરાલ વગેરેની સરકારો.
3. જોડાણનું રાજકારણ કોંગ્રેસ, ભાજપ જેવા રાષ્ટ્રીય પક્ષોમાં વૈચારિક તનાવ અને સંગઠનમાં અશિસ્ત પેદા કરે છે. તેવું જણાય છે.
4. જોડાણના રાજકારણે સરકારને ટેકો મેળવવા તથા સરકાર ટકાવવા કેટલીક બિનતંદુરસ્ત રસમો વિકસાવી છે. જેમાં વિરોધપક્ષના નેતાને હેરાન કરવા, તપાસ એકમો (સીબીઆઇ)નો ખોટો ઉપયોગ કરવો, તેમના ઉપર ખોટા કેસ કરવા વગેરે.
5. પ્રાદેશિક અને નાનાપક્ષોની નકારાત્મક ભૂમિકા વિધેયાત્મક બની છે. જે ભારતીય રાજકારણ અને સમવાયતંત્ર માટે ઉપકારક છે.
6. જોડાણના રાજકારણે રાજ્યસભાનું મહત્ત્વ વધાર્યું છે. જેમકે મહત્વના વિધેયક કે નિર્ણય સમયે રાજસભા નિર્ણાયક ભૂમિકા ભજવે છે.
7. જોડાણના રાજકારણથી સમવાય પ્રથાને વધારે મજબૂતી મળી છે જેમ કે જોડાણસરકારના અસ્તિત્વને ટકાવવા ભાજપ કે કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો પ્રાદેશિક સમસ્યાઓને સમજવા વધુ પ્રયત્ન કરે છે. રાજ્યો વધુ સાધનો તથા વધુ સત્તા માગતા થયા છે.
8. 1989 પછી ભારતની અર્થવ્યવસ્થા બદલાઇ અને 1991થી સ્પષ્ટપણે નવી અર્થનીતિનો સ્વીકાર ભારતે કર્યો. જેથી ભારતીય સમાજમાં મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમવર્ગમાં ફેરફાર આવ્યા. અને ગરીબવર્ગની અપેક્ષાઓ વધી. આ બાબતે પણ જોડાણ સરકારોને અસર કરી છે.
9. છેલ્લા કેટલાક વર્ષોનો અભ્યાસ કરીએ તો માલૂમ પડે છે કે પ્રાદેશિક પક્ષો લોકસભામાં વધુને વધુ બેઠકો મેળવી જોડાણવાળી સરકારમાં પોતાની અનિવાર્યતાને મજબુત બનાવતા જાય છે. દા.ત. 1971માં ચાલીસ બેઠકો, 1977માં ઓગણપચાસબેઠકો, 1980માં ચોત્રીસબેઠકો, 1984માં અઠ્ઠાવન બેઠકો.

1989માં સત્યાવીશ બેઠકો, 1991માં પચાસ બેઠકો 1996માં એકસો સત્યાવીસ બેઠકો, 1998માં એકસો એક બેઠકો આવી છે.

10. આ સરકારોમાં ભારત વર્ષના ઇતિહાસમાં સૌથી મોટા કૌભાંડો પણ જોવા મળ્યા છે. જેમ કે નરસિંહરાવજીના સમયમાં તેમજ મનમોહનસિંહજીના સમયમાં સ્ટેમ્પ કૌભાંડ, સ્પેક્ટ્રમ કૌભાંડ, કોમન વેલ્થ કૌભાંડ વગેરે.

11. કેટલીક વાર મહત્વના ખાતાઓ માટે ખેંચતાણ રહેતી હોય છે અને જો તે ન મલે તો ટેકો ખેંચી લેવાની ધમકી સુધ્ધા અપાતી જોવા મળે છે. અહીં શું આ પક્ષો લોકોની સેવા કરવા આવેલા દેખાય છે કે મેવા ખાવા?

12. નરસિંહરાવજીની સરકારમાં વિશ્વાસનો મત મેળવીને સરકાર ટકાવવા માટે ઝારખંડ મુક્તિ મોરચાના ચાર લોકસભાના સભ્યોના વોટ ખરીદવા દરેકને એક કરોડની ઓફર કરાયેલી મનમોહનસિંહજીની 2009ની સરકારમાં પણ કેશ ફોર વૉટ કૌભાંડના નામે ભારતીય લોકશાહી માટે કલંકરૂપ ઘટના બની હતી. જેના પુરાવા રૂપે સંસદમાં નોટો ઉછાળવામાં આવી હતી.

13. પ્રાદેશિક પક્ષો પોતાના વિસ્તારમાં મજબૂત બનતા ગયા છે. અને ક્યાંક તો મુખ્ય પક્ષો ત્રીજા કે ચોથા સ્થાને ધકેલાઇ ચૂક્યા છે. દા.ત. ઉત્તરપ્રદેસમાં બ.સ.પા., સ.પા. અને ત્યારબાદ કોંગ્રેસને મતો મળેલ છે. કેટલાક રાજ્યોમાં પ્રાદેશિક પક્ષો પૂરા હાવિ થઇ ચૂક્યા છે. જેમ કે જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ, ઉત્તર પ્રદેશમા બસપા- સપા, બંગાળમાં તૃણમુલ કોંગ્રેસ, કર્ણાટકમાં જનતાદળ (એસ), બિહારમાં જનતાદળ (યુ), તામિલનાડુમાં ડીએમકે, એઆઇડીએમકે, મહારાષ્ટ્રમાં એનસીપી, શિવસેના વગેરે.

14. મુખ્ય રાજકીય પક્ષો માટે સત્તા પર બેઠા પછી આ પ્રાદેશિક પક્ષોને સત્તા ટકાવી રાખવાની મથામણમાં અને તેમને સંતોષવામાં જ મોટો સમય અને નાણાં વ્યય થાય છે નહીં કે વિકાસમાં

**મિશ્ર સરકારના નબળાં પાસાં**

1. જોડાણ સરકારમાં વડાપ્રધાનો સૌથી વધુ સમય સાથી પક્ષો ને સાચવવા અને તેમની વચ્ચેના સંઘર્ષોને ઉકેલવામાં જ જાયછે. અને રાષ્ટ્રનો વિકાસ કે મહત્વના મુદ્દા બાજુ પર રહી જાય છે.

2. સરકાર ઓછી કાર્યક્ષમ અને વધુ ભ્રષ્ટાચારી બનેલી જોવા મળે છે. જેથી સરવાળે દેશને મોટુ નુકશાન થાય છે.
3. કેટલીકવાર એવી પ્રણાલિકાઓ ઉભી થાય છે કે જે લોકશાહીની ગરિમા માટે લાંછનરૂપ છે. જેમ કે યુપીએ સરકારમાં વડાપ્રધાન કરતાં યુપીએના ચેરપર્સન સોનિયાગાંધી વધુ વજન ધરાવતા હતા. તેવું સ્પષ્ટ જણાઇ આવે છે જેથી વડાપ્રધાન પદની ગરિમા ઘટે છે.
4. આ પ્રાદેશિક પક્ષોની તાકાત એટલી વધી છે કે કેન્દ્ર સરકારની આંખમાં આંખ પરોવીને વાત કરે છે. અને પોતાનું ધાર્યું ખાતું મેળવીને અને ધાર્યુ કામ પાર પડાવીને રહે છે.

અહીં પ્રશ્ન એ છે કે વાસ્તવમાં ગઠબંધન સરકાર શ્રેષ્ઠ છે? શ્રેષ્ઠ તો એ સરકાર છે જે ઇમાનદાર, કલ્યાણકારી અને સાથે સાથે સ્થિર પણ હોય. વર્તમાન પરિસ્થિતિમાં જો કે આ વાત કઠિન લાગે છે પરંતુ અશક્ય નથી. બુરાઇ સાથે સારુપણ આ દુનિયામાં ચાલે છે. સારાની અપેક્ષા રાખવી જોઇએ. આખરે અપેક્ષા ઉપરતો દુનિયા ટકી રહી છે.

સંદર્ભસૂચિ

1. બ્રહ્મભટ્ટ આર.ડી- રાજ્યતંત્ર પાન નં.-51
2. પંડ્યા હસમુખ, રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-2, પાન નં.10-11
3. એજન, પાન નં. 82
4. એજન, પાન નં. 82
5. દેસાઇ, કે.સી., શેઠ, પી.એન.- ભારતનો બંધારણીય વિકાસ- પાન નં.311
6. Oxford Dictionary Page No. 139

સંદર્ભગ્રંથ

1. રાજયતંત્ર આર.ડી. બ્રહ્મભટ્ટ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2. રાજ્યશાસ્ત્ર પરિચય ભાગ-2, હસમુખ પંડ્યા, અનડા પ્રકાશન, અમદાવાદ
3. ભારતનો બંધારણીય વિકાસ, કે.સી. દેસાઇ અને પી.એન. શેઠ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
4. Oxford Dictionary Oxford University Press, New Delhi-110001